ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

હુકમ ક્રમાંક:મકમ/૧૦૨૦૧૫/૩૫૬૧/ક

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૬/૦૫/૨૦૧૫

વંચાણે લીધા:-

૧. આદિજાતિ વિકાસ વિભાગનો તા.૯/૦૫/૨૦૦૮નો હુકમ ક્રમાંક:મકમ/૧૦૨૦૦૮/૭૫/ક

૨. આદિજાતિ વિકાસ વિભાગનો તા.૫/૦૬/૨૦૦૩નો હુકમ ક્રમાંક:મકમ/૧૦૨૦૦૧/૨૩૬૬/ક

વિષય: ગુજરાત સરકારના કામકાજના નિયમો ૧૯૯૦ના નિયમ-૧૫ હેઠળ બહાર પાડવામાં આવેલ સૂચનાઓની સૂચના-૪ (૧) (ક)એ અન્વયે જુદી જુદી કક્ષાના અધિકારીઓની સત્તા નક્કી કરવા બાબત.

ગુજરાત સરકારના કામકાજના નિયમો ૧૯૯૦ના નિયમ-૧૫ હેઠળ બહાર પાડવામાં આવેલ સૂચનાઓની સૂચના-૪ (૧) (ક) અનુસાર આદિજાતિ વિકાસ વિભાગને ફાળવવામાં આવેલ વિષયોને લગતા કેસો આ હુકમ સાથેના પરિશિષ્ટ-૧,૨,૩માં દર્શાવેલ કક્ષાએ નિકાલ કરવાનો આદેશ આપું છું.

આ સતાસોંપણી સામાન્ય વહીવટ વિભાગ, નાણા વિભાગ, કાયદા વિભાગ તથા અન્ય સંબંધિત વહીવટી વિભાગની વખતો વખતની સ્થાયી સૂચનાઓને અધીન રહેશે.

(મંગુભાઈ પટેલ)

મંત્રી

આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી (પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, લાલ દરવાજા, અમદાવાદ (પત્ર દ્વારા)
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી (આ.વિ.), બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર.
- સામાન્ય વહીવટ વિભાગ (વસુતાપ્ર), સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- કાયદા વિભાગ (વધારાની પાંચ નકલો સાથે)
- વિભાગના સર્વે અધિકારીઓ
- વિભાગની સર્વે શાખાઓ
- સિલેક્ટ ફાઈલ.

## પરિશિષ્ટ-૧

**અધિક મુખ્ય સચિવશ્રી/અગ્રસચિવશ્રી/સચિવશ્રી કક્ષાએ રજુ કરવાના અને નિકાલ કરવાના કેસ.**

### સેવા વિષયક બાબતો

૧. વિભાગ તથા વિભાગના નિયંત્રણ હેઠળની કચેરીઓમાં હંગામી જગ્યાઓ ઉભી કરવા અંગે.

૨. સીધી ભરતીથી અજમાયશી નિમણૂંક પામેલ અધિકારીઓ કે શૈક્ષણિક સ્ટાફ કે જેઓએ અજમાયશી સમયગાળો પૂર્ણ કરેલ હોય તથા લાંબાગાળાના ધોરણે નિમણૂંક આપવાની હોય તેવા કિસ્સામાં જે તે અધિકારીઓ સરકારશ્રીએ નિયત કરેલ તમામ માપદંડો સંતોષાતા હોય, તો આ અંગેનો નિર્ણય કરવા બાબત.

૩. નિયત પ્રમાણ અનુસાર સંબંધિત નિયમો પ્રમાણે સીધી ભરતીથી નિમણૂંક કરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ/પસંદગી મંડળને માંગણી પત્રકો મોકલવાની કામગીરી.

૪. પ્રથમ નિમણૂંક વખતે સ્થાઈ હુકમો અનુસાર અગ્રિમ ઈજાફા આપવા અંગે.

૫. જાહેર સેવા આયોગની સલાહ અન્વયે સીધી ભરતીના વર્ગ-૨ના અધિકારીઓની પ્રથમ નિમણૂંકને લગતી બાબતો.

૬. વર્ગ-૨માં અવેજી નિમણૂંકો, પસંદગી યાદીના સંદર્ભમાં અથવા પસંદગી યાદી ન હોય ત્યારે માન્ય પસંદગી યાદી ધ્યાનમાં લીધા સિવાય બે મહિનાથી વધુ મુદત સુધીની આવી નિમણૂંકો બાબત.

૭. વર્ગ-૨ની જગ્યાએ બઢતી માટે પસંદગી યાદી.

૮. ભરતીના નિયમોની કામગીરી અને અર્થઘટનને લગતી બાબતો.

૯. વર્ગ-૨ના રાજ્યપત્રિત અધિકારીઓની સેવાઓ નિયત કરેલ શરતો અને બોલીઓ અન્વયે લોન પર આપવા બાબત.

૧૦. વર્ગ-૧ના અધિકારીઓના ખાનગી અહેવાલો બાબત.

૧૧. વિભાગના વર્ગ-૧ના અધિકારીઓને તાલીમમાં મોકલવા બાબત.

૧૨. સચિવાલય સંવર્ગના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓને કાયમી કરવા અંગેની બાબતો.

૧૩. વર્ગ-૨ સંવર્ગો તમામ અધિકારીઓના-

(ક) રાજીનામા મંજૂર કરવા બાબત.

(ખ) તેમને ૫૦-૫૫ વર્ષ સુધીની નોકરીમાં ચાલુ રાખવા બાબત કે તેમની નિવૃત્તિ બાબત.

(ગ) તેઓ સામેની મોટી શિક્ષાને લગતી ખાતાકીય તપાસ કરવાની મંજૂરી માટેની દરખાસ્તો તેમજ આખરી હુકમોની દરખાસ્ત.

૧૪. વિભાગ અને ખાતાના વડાના વર્ગ-૧ના અધિકારીઓને પેન્શન,કુંટુબ પેન્શન મંજુર કરવું.

૧૫. ખાતાના વડાઓ હેઠળના વર્ગ-૨ના અધિકારીઓની સિનિયોરીટી નકકી કરવા અંગેની દરખાસ્તો.

૧૬. સામાન્ય વહિવટ વિભાગની અનુમતિથી પ્રતિનિયુકિતની શરતો નકકી થયા બાદ ૪ વર્ષ સુધી મુદત લંબાવવાની દરખાસ્તો.

૧૭. ફરજમોકુફીનો સમયગાળો વિનિયમિત કરવાની દરખાસ્તો.

૧૮. વિભાગના અધિકારીઓ/કર્મચારીઓને મકાન બાંધકામ,મોટરકાર,સ્કુટર પેશગી મંજુર કરવી.

૧૯. વિભાગ (ખુદ)ના વર્ગ-૩ના કર્મચારીઓના રાજીનામા સ્વીકારવા બાબત.

૨૦. પેન્શન કોમ્યુટ કરવા બાબત.

૨૧. વિભાગ અને વિભાગના નિયંત્રણ હેઠળના વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓને લગતા ગુજરાત તકેદારી આયોગના કેસો અને તેને લગતી સઘળી બાબતો.

<u>નાણા વિષયક બાબતો</u>

૨૨. રૂપિયા ૫૦,૦૦૦/- (રૂપિયા પચાસ હજાર) કરતાં વધુ પરંતુ રૂપિયા ૭૫,૦૦૦/-(રૂપિયા પંચોતેર હજાર) કરતાં ઓછો આવર્તક ખર્ચ અને રૂા.૧,૦૦,૦૦૦/-(રૂપિયા એક લાખ) કરતાં વધુ નહિ તેટલું અનાવર્તક ખર્ચ કરવાનું હોય તેવી નાણાકીય દરખાસ્તો.

૨૩. દરેક કેસમાં સ્ટોર,જાહેર નાણાની ખોટ વગેરેની વસુલ ન કરી શકાય તેવી રૂા.૧૦,૦૦૦/- (રૂપિયા દસ હજાર) સુધીની માંડવાળ.

૨૪. દરેક કેસમાં રૂપિયા ૧,૦૦૦/- સુધીના ડેમરેજ અંગે ખર્ચ મંજુર કરવું.

૨૫. ડેડસ્ટોકની વસુલાતના વેચાણ દવારા અથવા અન્ય ચોપડે કિમતમાં રૂપિયા ૨૦,૦૦૦/- (રૂપિયા વીસ હજાર)ની મર્યાદા સુધી નિકાલ.

૨૬. રહેણાંકના મકાનો સિવાય સિવિલ બાંધકામ માટે નકશા અને અંદાજો રૂપિયા ૫૦.૦૦ લાખ સુધીની વહિવટી મંજુરી.

૨૭. વિભાગ-૧ના અધિકારીઓના પગાર નક્કી કરવા બાબત.

૨૮. પુરક માંગણીઓ.

૨૯. બચત પરત કરવા (સરેન્ડર) અંગેના હુકમો.

૩૦. કન્ટીજન્સી ફંડમાંથી ઉપાડ કરવાની દરખાસ્તની કાર્યવાહી.

૩૧. અંદાજ સમિતિની બાબતો.

## અન્ય બાબતો

૩૨. વિભાગ તથા વિભાગના નિયંત્રણ હેઠળની કચેરીઓમાં નવી સ્ટાફકાર/વાહનો ખરીદવા બાબત.

૩૩. વિભાગના સ્ટાફ અને નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓને રાજ્ય બહાર મુસાફરી કરવા અને હવાઇ પ્રવાસ કરવા અંગેની પરવાનગી.

૩૪. નવી કચેરીઓ માટે અથવા ચાલુ કચેરીઓના ફર્નિચરની ખરીદી.

૩૫. કાયમી પેશગી નિયત કરવા બાબત.

૩૬. ૬ વર્ષથી વધારે જુના દાવાની તપાસ કરવા બાબતની દરખાસ્તો.

૩૭. લોકસભા/રાજ્યસભા/વિધાનસભાના પ્રશ્નોના જવાબ મંજૂર કરવા બાબત.

૩૮. જાહેર હિસાબ સમિતિના ખુલાસા, બેઠકો, ઓડીટ વાંધા તથા તપાસણી અહેવાલને લગતી કામગીરી.

૩૯. વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડા અને કચેરીઓના વર્ગ-૧ના અધિકારીઓને સત્તાની સોંપણી.

૪૦. સરકારી કર્મચારીઓના આશ્રિતોને સરકારના પ્રવર્તમાન નિયમોનુસાર રહેમરાહે ઉચ્ચક નાણાકીય સહાય આપવા બાબત.

૪૧. કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓની તમામ દરખાસ્તો.(મંત્રીશ્રીઓના પરામર્શમાં)

૪૨. વર્ગ-૧ અને તેથી ઉપલી કક્ષાના અધિકારીઓ/ ખાતાના વડાઓના પાસપોર્ટ માટે ના-વાંધા પ્રમાણપત્ર આપવાના કેસો.

૪૩. વર્ગ-૧ અને તેથી ઉપલી કક્ષાના અધિકારીઓ/ ખાતાના વડાઓના કેસમાં બહારની જગ્યા માટે અરજીઓ રવાના કરવા મંજૂરી બાબત.

૪૪. ગૌણ વિધાન સમિતિની ભલામણો અંગેની નોંધ.

૪૫. ભારત સરકાર અને અન્ય રાજય સરકાર તરફથી મળતા તમામ પત્રો અને તે અંગે કાર્યવાહી.

૪૬. હળપતિ આવાસ યોજનાને લગતી તમામ બાબતો અને રાજય સ્તરે દરખાસ્તોનું આખરીકરણ. (મંત્રીશ્રીઓના પરામર્શમાં)

૪૭. બોર્ડર વિલેજ યોજનાની તમામ બાબતો અને રાજય સ્તરે દરખાસ્તોનું આખરીકરણ. (મંત્રીશ્રીઓના પરામર્શમાં)

૪૮. આદિમજૂથની પાયાની સુવિધા અંગેની તમામ બાબતો અને રાજય સ્તરે દરખાસ્તોનું આખરીકરણ. (મંત્રીશ્રીઓના પરામર્શમાં)

૪૯. ડી-સેગ દવારા અમલમાં મુકવામાં આવતી મહેકમ,સેવા વિષયક,રાજય અને કેન્દ્રિય પુરસ્કૃત યોજનાઓ અને અન્ય તમામ બાબતો. (મંત્રીશ્રીઓના પરામર્શમાં)

૫૦. ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ એજયુકેશન સોસાયટી હેઠળ સંચાલિત મહેકમ,સેવા વિષયક,રાજય અને કેન્દ્ર પુરસ્કૃત તમામ યોજનાઓ. (મંત્રીશ્રીઓના પરામર્શમાં)

૫૧. વિભાગની વાર્ષિક અને પંચવર્ષિય યોજનાઓ.

૫૨. કેન્દ્રિય ટીમની મુલાકાત અને તેની ભલામણો.

૫૩. ગુજરાતની ભાવીલક્ષી યોજનાઓ.

૫૪. સંવિધાનની કલમ-૨૭૫(૧) હેઠળની તમામ દરખાસ્તો. (મંત્રીશ્રીઓના પરામર્શમાં)

૫૫. વન અધિકાર અધિનિયમ,૨૦૦૬ અંગે અમલીકરણ,સમીક્ષા અને સંકલન.

૫૬. આદિજાતિ વિસ્તારના વહિવટને લગતા કામનું સંકલન.

૫૭. અનુસૂચિત આદિજાતિઓના કલ્યાણ કાર્યનું સંકલન આદિજાતિના લોકોના આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષની તમામ યોજનાઓની સમીક્ષા.

૫૮. વિભાગની ઓવરઓલ જવાબદારી.

## <u>પરિશિષ્ટ-૨</u>

**નીચેના બાબતો પૈકી કોઈ પણ નિર્ણય લેવાના હોય તેવા કેસોના અધિક સચિવ/સંયુક્ત સચિવ/નાયબ સચિવે નિકાલ કરવો.**

---

### <u>સેવા વિષયક બાબતો</u>

૧. વિભાગના વર્ગ-૩ના નાયબ સેકશન અધિકારીશ્રીઓ સહિત અન્ય બિન રાજયપત્રિત અધિકારી/કર્મચારીઓની નિમણુક,બદલી,રજા વગેરે મહેકમને લગતી બાબતો અને મહેકમને લગતા પ્રશ્નો.

૨. વર્ગ-૩ના કર્મચારીઓના જનરલ પ્રોવિડન્ટ ફંડમાંથી પેશગી,ઉપાડ,મકાન/વાહન પેશગી તથા અન્ય તહેવારો પર ફેસ્ટિવલ એડવાન્સ મંજુર કરવાની દરખાસ્તો.

૩. ફી અને માનદ વેતન મંજુર કરવાની દરખાસ્તો.

૪. સેવાપોથીમાં કચેરીએ ભુલો કરેલ હોય તેવી જન્મ તારીખમાં ફેરફાર કરવાની દરખાસ્તો બાબત.

૫. વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓની અન્યત્ર નોકરી માટેની અરજીઓ મોકલવા બાબત.

૬. વિભાગના નિયંત્રણ હેઠળના બિન રાજયપત્રિત કર્મચારીઓના પેન્શન કેસો મંજુર કરવા બાબત.

૭. વિભાગના નિયંત્રણ હેઠળના રાજયપત્રિત અધિકારીઓને કાયદાકીય સહાય.

૮. વર્ગ-૨ના અધિકારીઓ માટે ખાતાકીય પરીક્ષાના નિયમો.

૯. નિયત ગુણોતર અનુસાર સીધી ભરતીથી નિમણુક માટે ગુજરાત રાજય સેવા કમિશનને માંગણી મોકલવા અંગેની દરખાસ્તો.

૧૦. વિભાગ હેઠળ તેમજ તેના વહીવટી નિયંત્રણ હેઠળની કચેરીઓની હંગામી જગ્યાઓ કાયમી કરવા માટેની દરખાસ્તો.

૧૧. સામાન્ય નિયમની અવગણના થતી ન હોય તેવા વર્ગ-૧ની રાજ્યપત્રિત અધિકારીઓનું પેન્શન મંજૂર કરવા અંગેની દરખાસ્ત.

૧૨. વર્ગ-૨ના રાજ્યપત્રિત અધિકારીઓનું પેન્શન મંજૂર કરવા બાબત.

૧૩. વર્ગ-૨ના અધિકારીઓની રજા, રજા પ્રવાસ રાહત મંજુર કરવા બાબત.

૧૪. રાજ્યપત્રિત અધિકારી કે જેમની સેવાઓ બે વર્ષ જેટલી ખુટતી હોય તેને નાણા વિભાગની સાથે પરામર્શ કરી કુટુંબને નિવૃત્તિ વેતન મંજૂર કરવા અંગેની દરખાસ્તો.

૧૫. વિભાગના વર્ગ-૧ સિવાયના અધિકારીઓ/કર્મચારીઓને "ના-વાંધા પ્રમાણપત્ર" આપવા બાબત.

૧૬. વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓની અરજીઓ ગુજરાત જાહેર સેવા આયોગને મોકલવા બાબત.

૧૭. વર્ગ-૨ના અધિકારીઓની સેવા નિયત શરતોથી લોન પર આપવા બાબત.

૧૮. ખાસ લાયકાતના કારણે નાયબ સેક્શન અધિકારીને આપવાના વધારાના ઈજાફા અને તેમને કાયમ કરવા બાબત સરકારના પ્રવર્તમાન હુકમો મુજબ અને નાણા વિભાગ અને સામાન્ય વહીવટ વિભાગ સાથે પરામર્શ કર્યા મુજબ.

૧૯. વર્ગ-૪ના કર્મચારીઓને કાયમી કરવા તથા તેઓ સામે શિસ્ત વિષયક પગલાં ભરવા બાબત.

૨૦. વિભાગના વર્ગ-૧ના અધિકારીઓ તેમજ અન્ય કર્મચારીઓને વતનનું સ્થળ જાહેર કરવા બાબત અને તેમાં ફેરફાર કરવા બાબત.

૨૧. અજમાયશી સમય (પ્રોબેશનરી પીરીયડ) સંતોષકારક પુરા કરવા અંગેના પ્રમાણપત્રો આપવા બાબ્ત.

૨૨. પૂર્વ સેવા તાલીમના પરીક્ષાર્થીઓને વધારાની તક નિયમોનુસાર આપવા બાબત.

૨૩. રાજ્ય સેવાના કર્મચારીઓને પંચાયતોમાં ફાળવવા અને પંચાયતોને ફાળવેલ કર્મચારીઓને રાજ્ય સેવામાં ફેર ફાળવણી.

૨૪. યોજનાઓ/કેન્દ્ર બંધ થતા અથવા મહેકમમાં ઘટાડો થતા ફાજલ પડતા કર્મચારીઓને વૈકલ્પિક જગ્યા પર સમાવવા બાબત.

૨૫. વિભાગના નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓની કચેરીઓના ઉપસચિવથી વધારે નહી તેવું પગાર ધોરણ મેળવતાં વર્ગ-૧ના રાજ્યપત્રિત અધિકારીઓને નિયમ મુજબ રજાઓ.

૨૬. સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન દ્વારા યોજાતા તાલીમ કાર્યક્રમોમાં વર્ગ-૨ના અધિકારીઓને મોકલવા બાબત.

૨૭. પસંદગી યાદી પ્રમાણે વર્ગ-૨ના અધિકારીઓની નિમણૂંક.

૨૮. વિભાગ હેઠળના ખાતાના વડાની કચેરીના વર્ગ-૨ના રાજ્યપત્રિત અધિકારીઓને નિયમ મુજબ સામાન્ય અને અશક્તિ રજાઓ મંજૂર કરવા બાબત.

૨૯. તેમને સોંપાયેલ વિષય હેઠળ આવતા સરકારી કર્મચારીઓની બદલી થયેથી તેમને કુટુંબ પાસે જવા માટે નિયુક્ત કરેલ સમય મર્યાદામાં બદલીની તારીખથી એક વર્ષ સુધી છુટછાટ આપવા બાબત.

૩૦. વધારાની જગ્યા સંભાળવા સારૂં ૫ (%) ટકા લેખે પહેલા, બીજા અને ત્રીજા વર્ગના અધિકારીઓ/કર્મચારીઓને ખાસ પગાર મંજૂર કરવા અંગેની કાર્યવાહી.

૩૧. ખાતાકીય/ભાષાકીય પરીક્ષામાંથી નિયમોનુસાર મુક્તિ આપવા બાબત.

## નાણા વિષયક બાબતો

૩૨. રૂા.૨૫,૦૦૦/- સુધીની આર્વતક અને રૂા.૨૫,૦૦૦/-થી વધુ પરંતુ રૂા.૫૦,૦૦૦/-થી વધુ નહિ તેટલી અનાવર્તક ખર્ચ કરવાની હોય તેવી નાણાકીય દરખાસ્તો.

૩૩. મકાન માલિક પાસેથી ખર્ચ લેવાનું ન હોય તેવા પ્રસંગે વિભાગની અથવા તાબાની કચેરીઓએ ભાડે રાખેલ સંપાદન ન કરેલા મકાનોના નાણાકીય ખર્ચમાં રૂા.૨૫,૦૦૦/- સુધી મરામત અને સુધારા કરવાની દરખાસ્તો.

૩૪. નિવાસસ્થાન માટેના મકાનોના રૂા.૧ લાખ સુધીના ખર્ચના પ્લાન,અંદાજ અને નોન પ્લાન અંદાજ તથા અન્ય બાંધકામના રૂા.૫ લાખ સુધીના પ્લાન અને અંદાજો ખર્ચની વહિવટી મંજુરી આપવા બાબત.

૩૫. વિભાગ (ખુદ)ના વસુલ ન થઈ શકે તેવી સ્ટોર્સની રકમ જાહેર નાણાની ખોટની રકમ દરેક કિસ્સામાં રૂ.૧૦,૦૦૦/- સુધી માંડી વાળવાની બાબત.

૩૬. વિભાગ (ખુદ)ની મરામત ન થઈ શકે તેવી સ્ટાફકાર, કોમ્પ્યુટર અને કોપીયર મશીન સિવાયના ડેડસ્ટોકની ચોપડા કિંમત મુજબ રૂ.૧૫,૦૦૦/- સુધીની કિંમતની સ્ટાફમાં ઉપયોગમાં ન લઈ શકાય તેવી વસ્તુઓનું વેચાણ અથવા નિકાલ કરવા બાબત.

૩૭. સરકારી કર્મચારીઓ પાસેથી રૂ.૫,૦૦૦/- સુધીની કે તેથી વધુ બાકી લેણા નીકળતી વસુલાતની રકમ માંડી વાળવા બાબત.

૩૮. બજેટ જોગવાઇમાં કરવામાં આવેલ નાણાનો પુનર્વિનિયોગ કરવો અને નાણા સુપ્રત કરવા.

૩૯. વિભાગ ૧ની નવી બાબતો નવા મુખ્ય કામ અને પુરક માંગણીના પત્રકો મંજુર કરવા અંગે દરખાસ્તો.

## અન્ય બાબતો

૪૦. વિભાગની શાખાઓ વચ્ચે કામગીરીની વહેંચણી તેમજ કોઈ વિષય અંગે વિવાદ ઉભો થાય તો તે અંગે નિર્ણય લેવા બાબત.

૪૧. દિવાની દાવા/રીટ અરજીઓ અંગે પારા વાઈઝ રીમાર્ક્સ આપવા, સોગંદનામાના મુસદ્દા મંજૂર કરવા બાબત.

૪૨. તકેદારી પંચના રેફરન્સ/રૂટીન સિવાયના.

૪૩. નિયમો તથા અન્ય પ્રકાશનો છપાવવા બાબત.

૪૪. વિભાગના અધિકારીઓ તથા શાખા એકમની બેઠક વ્યવસ્થા.

૪૫. વિભાગના અગત્યના પ્રકાશનો તેમજ સામાયિકોની ખરીદી બાબત.

૪૬. તાબાની કચેરીઓને ટેલિફોન મંજૂર કરવા બાબત.

૪૭. વર્ગ-૧ અને વર્ગ-૨ના અધિકારીઓની સામાન્ય ભવિષ્યનિધિમાંથી અંશતઃ ઉપાડ/પેશગી મંજૂર કરવા બાબત.

૪૮. આશ્રમશાળા,છાત્રાલય વગેરે અંગેના કમિશનરશ્રી(આ.વિ)ના હુકમ સામે રિવિઝન/ અપીલના કેસો અને અનુસૂચિત જનજાતિના પ્રમાણપત્રના સંદર્ભમાં કલેકટરશ્રીના હુકમ સામે રિવિઝનના કેસો.

૪૯. વિધાનસભા ઠરાવો અને પ્રશ્નો.

૫૦. સરકારે આપેલ ખાતરી અંગે ઉત્તરના મુસદા.

૫૧. રાજ્ય યોજના અને કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ માટે કેન્દ્રિય સહાયનો હિસાબમેળ.

૫૨. રાજ્ય કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ અંગે પ્રગતિ અહેવાલો.

૫૩. યોજનાઓ આંકડાઓ વગેરેને લગતી પ્રકીર્ણ બાબતો.

૫૪. ન્યુ ગુજરાત પેટર્ન યોજના અંગેના ત્રિમાસિક પ્રગતિ અહેવાલો તૈયારકરી સરકારશ્રીમાં રજુ કરવા.

૫૫. ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ ૧૦ ટકા સ્ટેટ પ્લાન હેઠળ મંજુર થયેલ યોજનાનો ત્રિમાસિક પ્રગતિ અહેવાલ માન.મંત્રીશ્રીને રજુ કરવા.

૫૬. સંકલિત આદિજાતિ વિસ્તારમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ માન.મુખ્ય મંત્રીશ્રીના ૧૦ મુદા અમલીકરણની કામગીરીનો ત્રિમાસિક પ્રગતિ અહેવાલ માન.મંત્રીશ્રીને રજુ કરવા.

## પરિશિષ્ટ-૩

**નીચેના બાબતો પૈકી કોઈ પણ બાબતો અંગે નિર્ણય લેવાના હોય તેવા કેસોનો ઉપસચિવએ નિકાલ કરવો.**

---

## સેવા વિષયક બાબતો

૧. ત્રીજા વર્ગના કારકુન સંવર્ગના અને ચોથા વર્ગના કર્મચારીઓને લગતી મહેકમની બાબતો જેવી કે નિમણુક, બદલી, રજા પગાર અને પેન્શન વગેરે.

૨. નવા નિમાયેલા કર્મચારીઓની તબીબી તપાસ અને તેમના પુર્વ ઈતિહાસ અને ચાલ-ચલગત અંગે તપાસ કરવા બાબત.

૩. નાણા વિભાગના આદેશો અનુસાર કેશીયર, હેડ ટાઈપીસ્ટ, ખાનગી કારકુન વિગેરેને આપવાના થતા ખાસ પગાર મંજૂર કરવા બાબત.

૪. નાણા વિભાગના હુકમો અનુસાર પગાર નક્કી કરવા બાબત.

૫. સામાન્ય વહીવટ વિભાગના હુકમો અનુસાર આદિજાતિ વિકાસ વિભાગના સ્ટાફને તાલીમ અંગેની કાર્યવાહી.

૬. સામાન્ય નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષામાં બેસવા દેવા માટે વર્ગ-૩ના કર્મચારીઓને પરવાનગી આપવા બાબત તથા વર્ગ-૩ અને વર્ગ-૪ના અભ્યાસ અંગેની પરવાનગી આપવા બાબત.

૭. રજા ઉપર ઉતર્યા ન હોય તો તે જગ્યા ઉપર ચાલુ રહ્યા હોય તેવા મતલબનું પ્રમાણપત્ર આપવાની દરખાસ્ત.

૮. ગુજરાત મુલ્કી સેવા નિયમો હેઠળ વધારાના હાજર થવાનો સમય મંજૂર કરવા બાબત.

૯. વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓના પેન્શન નક્કી કરવા અંગેના કેસો.

૧૦. નિયમો અનુસાર કુટુંબ પેન્શન અને ગ્રેજ્યુઈટી મંજૂર કરવા બાબત.

૧૧. જિલ્લા/તાલુકા પંચાયતોની મહેકમ પરની હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત.

૧૨. ઉપાડ અને નિયંત્રણ અધિકારી તરીકે ફરજો.

૧૩. અજમાયશી સમય (પ્રોબેશનરી પીરિયડ) સંતોષકારક પુરા કરવા અંગેના પ્રમાણપત્રો બાબત.

## નાણા વિષયક બાબતો

૧૪. રૂ.૧૦,૦૦૦/- સુધીનું આવર્તક અને રૂ.૨૦,૦૦૦/- સુધીનું અનાવર્તક ખર્ચ કરવાનું હોય તેવી નાણાકીય દરખાસ્તો.

૧૫. રૂા.૨૫,૦૦૦/-સુધીના મકાન બાંધકામના ખર્ચને વહિવટી મંજુરી આપવાની દરખાસ્ત નાણા વિભાગના વખતો વખતના નિયમાનુસાર.

૧૬. બજેટ અંદાજમાં કરવામાં આવેલ ફંડમાં પુનઃ વિનિયોગ અંગેના હુકમો તથા બચત પાછી સોંપવા અંગેના હુકમો.

૧૭. પ્લાન યોજનાઓ જે અંગે સરકારના આદેશોની જરૂર ન હોય તેને ચાલુ રાખવા અંગેની દરખાસ્તો અંગેની કાર્યવાહી.

૧૮. વિભાગના અધિકારીઓને સરકારી પ્રવાસ દરમ્યાન પેટ્રોલ પેટે એડવાન્સ રકમ આપવા બાબત.

૧૯. સરકારી કામકાજ માટે ટપાલ ટીકીટો ખરીદવા બાબત.

૨૦. વિભાગની ૧ અને ૨ ની નવી બાબતો તથા નવા કામો અને પુરક માંગણી અંગે પત્રકોને મંજૂરી આપવા અંગેની દરખાસ્તો.

૨૧. સરકારી કર્મચારીઓ પાસેથી બાકી લેણી નીકળતી વસુલાતની રકમ રૂ.૧,૦૦૦/- સુધીની રકમ માંડી વાળવા બાબત.

૨૨. ગ્રાન્ટ ઉપાડવા અને ચુકવવાના હેતુ માટે અધિકારીઓને કચેરીના વડા તરીકે કામગીરી કરવા બાબત.

૨૩. બજેટમાં કરવામાં આવેલ ફંડના પુનઃવિનિયોગ અંગેના હુકમો અને બચત પાછી સોંપવાની દરખાસ્તો.

૨૪. બજેટ અંદાજ ભાગ-૧ ક અને ૧ ખની કામગીરી તથા સુધારેલ અંદાજ મોકલવા બાબત.

## અન્ય બાબતો

૨૫. ચોથા વર્ગના કર્મચારીઓને લગતી નાયબ સચિવને સોંપાયેલ સત્તા સિવાયની બાબતો.

૨૬. વર્ગ-૪ના કર્મચારીઓને સામાન્ય પેશગીઓ પ્રોવિડન્ટ ફંડ, ટી.એ.એડવાન્સ, મોટર સાયકલ એડવાન્સ, મકાન પેશગી, અનાજ પેશગી વિગેરે મંજૂર કરવા બાબત.

૨૭. અન્ય ખાતાઓની જગ્યાઓ માટે સામાન્ય સરકારી હુકમો અનુસાર અરજીઓ મોકલવા બાબત.

૨૮. ભારત સરકાર અને બીજા વિભાગોને હકીકત રૂપ અને સામાન્ય માહિતી મોકલવા બાબત.

૨૯. લેખન સામગ્રીની વસ્તુઓ અને ફોર્મ પુરા પાડવા માટે મુદ્રણ અને લેખન સામગ્રીના નિયમ સંગ્રહના અનુક્રમે પરિશિષ્ટ-૩ અને ૧૩માં અધિકારીઓના નામ ઉમેરવા બાબત તથા તાબાની કચેરીઓમાં લેખન સામગ્રીની વસ્તુઓ અને ફોર્મ પુરા પાડવા બાબત.

૩૦. વિભાગ તેમજ તેનાતાબાની કચેરીઓ માટે ચોપડીઓ ખરીદવા અને ટાઈપ રાઈટર ફર્નિચર અને અન્ય સાધન સામગ્રી ખરીદવા, મરામત તથા ભાડે લેવા માટેની દરખાસ્તની કાર્યવાહી તથા વિભાગના અધિકારીઓને ફર્નિચર આપવા બાબત.

૩૧. વીથ ઈન્વેસ્ટીગેશન અને વિધાઉટ ઈન્વેસ્ટીગેશન પડતર ક્લેઈમની મંજૂરી અંગેની સરકારના સ્થાયી હુકમો અનુસાર નિકાલ. (બધી બાબતો)

૩૨. તબીબી બિલોની મંજૂરી, તબીબી પ્રમાણપત્ર ફી અંગે અને તબીબી સંસ્થાઓને માન્યતા આપવા બાબત.

૩૩. ધારાસભા, લોકસભા, રાજ્યસભાના પ્રશ્નો વગેરે અંગે પ્રાથમિક જરૂરી માહિતી યાદીપત્રો રવાના કરવા અને બીજી સામાન્ય આનુષાંગિક બાબતો.

૩૪. મંત્રીશ્રીઓને ઉદ્દેશીને કરાયેલ અરજીઓ કે જ્યાં મંત્રીશ્રીએ કોઈ નોંધ નકરી હોય અને પ્રચલિત નીતિ તેમજ પુર્વ કિસ્સાઓના દાખલાને આધારે નિકાલ થઈ શકે તેમ હોય તેવી અરજીઓ.

૩૫. વિભાગના અધિકારીઓને સ્ટાફ કારની ફાળવણી કરવા બાબત તથા તેની જાળવણી કરવા બાબત.

૩૬. વિભાગના અધિકારીઓ/કર્મચારીઓને આવક તથા સરકારી સેવાના અનુભવનું પ્રમાણપત્ર, ક્રેડિટ સોસાયટી/નાગરિક બેંકમાંથી લોન મેળવવાની અરજી સંસ્થા/ બેંકને મોકલવા.

૩૭. ગાંધીનગર ખાતે રહેઠાણ માટે સરકારી અધિકારીઓ/કર્મચારીઓની અરજીઓ મોકલવા બાબત.

૩૮. વિભાગના ડુપ્લીકેટીંગ મશીન અને કોપીયર મશીનની જાળવણી અને મરામત બાબત.

૩૯. રીપબ્લીકેશન ઓફ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડીયા નોટીફીકેશન વિગેરે.

૪૦. પસ્તીના વેચાણની કામગીરી.

૪૧. વિભાગના વાહનોની જાળવણી, કોમ્પ્યુટર, ઝેરોક્ષ મશીન, ફેક્સ, કચેરીના ઉપયોગ માટે સાધન સામગ્રી (પડદા, સાબુ, નેપકીન, ટેબલક્લોથ, ડસ્ટબીન, ક્રોકરી વિગેરેની ખરીદી) અને અન્ય સાધનોના મરામત તથા જાળવણી અંગેની બાબતો.

૪૨. વિધાનસભાના પ્રશ્નો,ખાતરીઓ અંગેની બાબતોનું સંકલન અને વિનિયમન.